# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

**1)** વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ હેઠળ 125 દિવસના વેતન રોજગારની ગેરંટીનું બિલ લોકસભામાં રજૂ કરાયું.

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં ઓમાન પહોંચશે.

**3)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે તમિલનાડુના વેલ્લોરની મુલાકાત લેશે.

**4)** અમેરિકાએ પાંચ દેશ પર સંપૂર્ણ પ્રતિબંધ, જયારે અન્ય 15 દેશ પર આંશિક પ્રતિબંધ કડક બનાવ્યા.

**5)** ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચોથી T20 મેચ આજે લખનૌમાં રમાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# OVERALL LS - ROZGAR AND AJEEVIKA MISSION

સરકારે લોકસભામાં "વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી" બિલ 2025 રજૂ કર્યું. આ કાયદો 20 વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, 2005 (મનરેગા)ને બદલશે. આ કાયદા હેઠળ દરેક ગ્રામીણ પરિવારને દર નાણાકીય વર્ષમાં એકસો પચીસ દિવસના વેતન રોજગારની વૈધાનિક ગેરંટી આપવામાં આવશે.

સાંભળીએ એક અહેવાલ....

## VC- DIPENDRAKUMAR

આ અભિગમ દેશભરમાં ઉત્પાદક, ટકાઉ, સ્થિતિસ્થાપક અને પરિવર્તનશીલ ગ્રામીણ સંપત્તિનું નિર્માણ સુનિશ્ચિત કરશે. બિલ રજૂ કરતા ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, યુપીએ સરકાર દરમિયાન, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) પર બે લાખ 13 હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા, જ્યારે મોદી સરકારે આ યોજના પર આઠ લાખ 53 હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા છે.

## PM MODI

જોર્ડન અને ઇથોપિયાની મુલાકાત પૂર્ણ કર્યા પછી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં ઓમાન પહોંચશે.

શ્રી મોદી ઓમાનના વડા સુલતાન હૈથમ બિન તારિકના આમંત્રણ પર ઓમાનની મુલાકાતે છે. પ્રધાનમંત્રી મોદીની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે.

શ્રી મોદીની બે દિવસીય મુલાકાત દરમિયાન ભારત અને ઓમાન વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) પર હસ્તાક્ષર કરે તેવી શક્યતા છે.

આકાશવાણી ન્યૂઝ સાથે ખાસ વાત કરતા, ઓમાનમાં ભારતીય રાજદૂત જીવી શ્રીનિવાસે જણાવ્યું હતું કે બંને મિત્ર રાષ્ટ્રો આ કરાર અને રાહ જોઈ રહેલા કેટલાક અન્ય એમઓયુનો મહત્તમ ઉપયોગ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેમને ખૂબ આશા છે કે CEPA પૂર્ણ થશે.

## ETHIOPIA AND INDIA

ઇથોપિયા અને ભારતે ત્રણ સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા છે. બંને દેશોએ કસ્ટમ બાબતોમાં વહીવટી સહાય, ઇથોપિયાના દૂતાવાસમાં ડેટા સેન્ટરની સ્થાપના અને યુએન શાંતિ જાળવણીમાં સહયોગ વધારવાનો નિર્ણય લીધો છે.

આ સમજૂતી કરારો પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇથોપિયાના પ્રધાનમંત્રી ડૉ. અબી અહેમદ અલીની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

### બાઇટ- PM ETHIOPIA

પ્રધાનમંત્રીએ શહેરના વિજ્ઞાન સંગ્રહાલયની પણ મુલાકાત લીધી. આ સંગ્રહાલય વિજ્ઞાન અને નવીનતાના વિવિધ પાસાઓ અને ઇથોપિયાની પ્રગતિ માટે તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે દર્શાવે છે.

# PM - ETHIOPIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમના ઇથોપિયન સમકક્ષ ડૉ. અબીય અહેમદ અલી દ્વારા ઇથોપિયાનો સર્વોચ્ચ પુરસ્કાર 'ધ ગ્રેટ ઓનર નિશાન ઓફ ઇથોપિયા' એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બોલતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંને રાષ્ટ્રો વચ્ચેના ઉષ્માસભર સંબંધો હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

બાઇટ – PM AWARD

ભારત સાથે ઐતિહાસિક સંબંધો ધરાવતા આ આફ્રિકન દેશની બે દિવસીય મુલાકાતે છે. આયોજિત એક ખાસ સમારંભમાં પ્રધાનમંત્રી મોદીને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

# PRESIDENT DRAUPADI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે તમિલનાડુના વેલ્લોરની મુલાકાત લેશે. તેઓ શ્રી પુરમ સુવર્ણ મંદિરમાં દર્શન અને આરતી કરશે.

રાષ્ટ્રપતિ એક ધ્યાન મંડપનું ઉદ્ઘાટન કરશે અને મંદિર સંકુલમાં એક વૃક્ષ વાવશે. તમિલનાડુના રાજ્યપાલ આરએન રવિ અને કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ મુરુગન વેલ્લોરમાં રાષ્ટ્રપતિનું સ્વાગત કરશે. આ

મુલાકાત 16 થી 22 ડિસેમ્બર સુધી કર્ણાટક, તમિલનાડુ અને તેલંગાણા સહિત દક્ષિણ રાજ્યોના તેમના અઠવાડિયાના પ્રવાસનો એક ભાગ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## EXTERNAL AFFAIRS MINISTER DR. S. JAISHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે જેરુસલેમમાં ઇઝરાયલના પ્રધાનમંત્રી  બેન્જામિન નેતન્યાહૂને મળ્યા હતા.

શ્રી જયશંકરે પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પ્રધાનમંત્રી નેતન્યાહૂના દ્રષ્ટિકોણને મહત્વ આપે છે. વિદેશ મંત્રીએ ઇઝરાયલના અર્થતંત્ર અને ઉદ્યોગ મંત્રી નીર બરકત સાથે પણ મુલાકાત કરી હતી.

ડૉ. જયશંકરે કહ્યું હતું કે, તેમણે બંને દેશો વચ્ચે રોકાણ અને નવીનતા સહયોગને આગળ વધારવા અંગે ચર્ચા કરી હતી. તેમણે આર્થિક ભાગીદારીને

વધુ વેગ આપવા માટે ભારત-ઇઝરાયલ મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષ પર પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## NITIN NAVEEN

ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ નીતિન નવીન ગઈકાલે રાષ્ટ્રીય રાજધાનીમાં કેન્દ્રીય મંત્રીઓ અને વરિષ્ઠ પાર્ટી નેતાઓને મળ્યા હતા.

શ્રી નવીન આ મુલાકાત દરમિયાન પાર્ટીના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય મંત્રી અને વરિષ્ઠ પાર્ટી નેતા અમિત શાહ, નીતિન ગડકરી અને ભૂપેન્દ્ર યાદવને મળ્યા હતા.

## AMERICA BAN

અમેરિકાએ પ્રવાસ અને વસવાટ માટે કડક નિયમો બનાવ્યા છે. જેમાં બીજા પાંચ દેશ પર સંપૂર્ણ પ્રતિબંધ જયારે અન્ય 15 દેશ પર આંશિક પ્રતિબંધ કડક બનાવ્યા છે.

નવા અન્ય દેશમાં બુર્કિના ફાસો, માલી, નાઇજર, દક્ષિણ સુદાન અને સીરિયાને પ્રતિબંધિત દેશોની યાદીમાં ઉમેરવામાં આવ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે 15 વધુ દેશો માટે આંશિક પ્રતિબંધો પણ લાગુ કર્યા છે.

થેંક્સગિવીંગ સપ્તાહના અંતે બે નેશનલ ગાર્ડ સૈનિકો પર ગોળીબારમાં અફઘાન રાષ્ટ્રીય શંકાસ્પદની ધરપકડ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે તેની જાહેરાતમાં જણાવ્યું હતું કે જે દેશોમાંથી તે મુસાફરી પર પ્રતિબંધ મૂકી રહ્યું છે તેમાંથી ઘણા દેશોમાં વ્યાપક ભ્રષ્ટાચાર,

છેતરપિંડી અથવા અવિશ્વસનીય નાગરિક દસ્તાવેજો અને ગુનાહિત રેકોર્ડ હતા જેના કારણે તેમના નાગરિકોને અમેરિકામાં મુસાફરી માટે તપાસ કરવી મુશ્કેલ બની હતી.

વિઝા પૂર્ણ થયા બાદ પણ અનેક દેશના લોકો અમેરિકામાં ગેરકાયદે રહેતા હોવાથી આ નિયમ હેઠળ ઇમિગ્રેશન અમલીકરણ, વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓઓ ઓછી થશે.

## SOCIAL MEDIA

ભારતમાં અમેરિકાની દૂતાવાસે,અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એક સોશિયલ મીડિયા પોસ્ટમા ભારત અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા સંદેશને શેર કર્યો હતો.

આ પોસ્ટમાં અમેરિકી રાષ્ટ્રપતિના સંદેશમાં ભારતને વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિઓ માંથી એક હોવાનું જણાવ્યું હતું.તેમણે ભારતને એક અદભૂત દેશ અને હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં અમેરિકા માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર ગણાવ્યો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અમેરિકાના ખાસ મિત્ર ગણાવ્યા છે.

## T20 CRICKET

ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચ આજે લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. ભારત પાંચ મેચોની શ્રેણીમાં 2-1થી આગળ છે અને

શ્રેણી જીતીને દક્ષિણ આફ્રિકા સામે 3-1થી આગળ રહેવાનો પ્રયાસ કરશે. પાંચમી અને અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે.

# JAM VANTARA MESSI

વૈશ્વિક ફૂટબોલ આઇકોન લિયોનેલ મેસીએ ગુજરાતમાં અનંત અંબાણી દ્વારા સ્થાપિત વન્યજીવન બચાવ, પુનર્વસન અને સંરક્ષણ કેન્દ્ર વનતારાની ખાસ મુલાકાત લીધી.

મેસી તેમના ઇન્ટર માયામીના સાથી ખેલાડીઓ લુઈસ સુઆરેઝ અને રોડ્રિગો ડી પોલ સાથે વનતારામાં પહોંચ્યા હતા. મેસીએ વનતારાના વિશાળ સંરક્ષણ પરિસરના માર્ગદર્શિત પ્રવાસની શરૂઆત અહીં બચાવાયેલા મોટા બિલાડા, હાથીઓ, શાકાહારી પ્રાણીઓ, સરિસૃપો અને વિશ્વભરમાંથી લાવવામાં આવેલા નાના પ્રાણીઓની સંભાળની કામગીરીથી કરી હતી.

તેમણે ગ્રીન એનર્જી કોમ્પ્લેક્સ અને વિશ્વના સૌથી મોટા રિફાઇનરી કોમ્પ્લેક્સની પણ મુલાકાત લીધી. સિંહ, ચિત્તા, વાઘ અને અન્ય લુપ્તપ્રાય પ્રજાતિઓ માટેના સંભાળ કેન્દ્રમાં મેસીએ કુદરતી અને સમૃદ્ધ વાતાવરણમાં ખીલતા પ્રાણીઓ સાથે સમય વિતાવ્યો હતો.

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે
- સંદેશ સમાચારની હેડલાઈન છે પ્રશાંત, કાર્તિકને 30 લાખ સામે 14.20 કરોડ.. મેસી વનતારાની મુલાકાતથી રોમાંચિત, અનંત અંબાણીની પ્રશંસા કરી...
- ગુજરાત સમાચાર લખે છે ઓસ્ટ્રેલિયાના ગ્રીનને રૂપિયા 25.20 કરોડનો જેકપોટ...
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે માત્ર રાજ્ય કક્ષાએ રમેલા પ્રશાંત વીર અને કાર્તિક 14-14 કરોડમાં વેચાયા..સોનિયા અને રાહુલ સામે ઈડીની ચાર્જશીટ કાયદા વિરૂદ્ધ છે અને તે સ્વીકાર્ય નથી- કોર્ટ